**<u>ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૩૦/૨૦૨૨.</u>**

**<u>ઈલેકટ્રીસીટીના કેસોમાં માંડવાળ બાદ લોક અદાલતમાં ફેંસલ કરવા માટે આંક–૧ લગત હુકમ</u>**

આજ રોજ નેશનલ ઈ– લોક અદાલત દરમ્યાન વિ. સરકારી વકીલશ્રીને સાંભળ્યા. સદર કામે આરોપી સામે ધી ઈન્ડિયન ઈલેકટ્રીસીટી એકટ – ૨૦૦૩ ની કલમ – ૧૩૫ અન્વયે કેસ કરાયેલ છે. પરંતુ આરોપી ધ્વારા બીલની રકમ તથા કમ્પાઉન્ડીગ ચાર્જની રકમ ભરપાઈ કરેલાનો રીપોર્ટ ડી.જી.વી.સી.એલ. ના સંબંધીત ડીવીઝનના ઈજનેરશ્રી/અધિકૃત વ્યકિતશ્રી ધ્વારા કરાયેલ છે તે અન્વયે તપાસ કરનાર અધિકારશ્રીનો અદાલતનો ઉપરોકત પ્રમાણે ધી ઈન્ડિયન ઈલેકટ્રીસીટી એકટ – ૨૦૦૩ ની કલમ – ૧૫૨ ની જોગવાઈ મુજબ માંડવાળ કરી સમાધાનથી ફેસલ કરવા યોગ્ય હુકમ થવા વિનંતી કરેલ છે. હાલના કામે ફરીયાદીપક્ષે ડી.જી.વી.સી.એલ.ના સંબંધીત ડીવીઝનના ઈજનેરશ્રી/ અધિકૃત વ્યકિતશ્રીએ આ ગુન્હાના કામમાં વિજ ચોરી સંદર્ભેની રકમ આરોપી ધ્વારા ભરપાઈ કરી આપેલ હોવાનું વીથડ્રો પુરશીશ આંક– **<u>૨</u>** થી રજુ કરી સ્પષ્ટતા કરેલ હોય અને સરકાર તરફે કોઈ વાંધો ન હોવાનું જણાવેલ હોય તથા આ કામ લોક અદાલતમાં વીથડ્રો કરી ફેસલ કરવા અરજ કરેલ છે તે બાબત લક્ષમાં છે તે અન્વયે હાલના આરોપી વિરુધ્ધનો ઉપરોકત કેસ માંડવાળ કરી, આરોપીને દોષમુકત જાહેર કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામમાં કોઈ મુદ્દામાલ કોર્ટમાં જમા કરાવેલ હોય તો તે વિજ કંપનીને પરત આપવો.

તા.૧૨/૧૧/૨૦૨૨.
મુકામ – વાલીયા.

(એચ.આર.ઠકકર)
પ્રિન્સીપાલ સીવીલ જજ અને,
જયુડી. મેજી.ફ.ક.
વાલીયા.

**GJ–01448**